## ગ્રામસેવા મહાવિદ્યાલય, ગ્રામભારતી-અમરાપુર, તા.માણસા, જિ.ગાંધીનગર.

## બી.આર.એસ.પ્રવેશ જાહેરાત : ૨૦૨૪-૨૫

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સંલગ્ન ગ્રામસેવા મહાવિદ્યાલય ગ્રામભારતી-અમરાપુરમાં ચાલતા ધો.૧૨ પછી સ્નાતક કક્ષાના સરકાર માન્ય અભ્યાસક્રમ બી.આર.એસ. (રુરલ ફાર્મ મેનેજમેન્ટ) સેમેસ્ટર-૧ માં પ્રવેશ (ફક્ત ભાઈઓ) માટે સંસ્થાની વેબસાઈટ https://www.grambharati.org ઉપર મુકેલ પ્રવેશ લીંક મુજબ નિયત કરેલ પ્રવેશ ફોર્મ તા.૦૩-૦૬-૨૦૨૪ ના રાત્રે ૧૨.૦૦ કલાક સુધીમાં ભરવું. સરકારશ્રીના ધારાધોરણ પ્રમાણે પરીણામના મેરીટ અને કેટેગરીના આધારે પ્રવેશપાત્ર ઉમેદવારોની યાદી તથા તેમની ડોક્યુમેન્ટ્સ ચકાસણી, પ્રવેશ ફી ની વિગતો સંસ્થાની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

**આચાર્ય : ગ્રામસેવા મહાવિદ્યાલય ગ્રામભારતી-અમરાપુર**

**સંપર્ક : ૯૩૧૩૫ ૩૩૨૭૬, ૯૭૧૨૪ ૬૫૧૮૮, ૮૭૮૦૭ ૫૩૧૦૦, ૮૧૪૧૩ ૦૪૧૬૧**

## ગૂગલ લિંક

*https://docs.google.com/forms/d/e/1FAIpQLSer1l08pUA7AbLvd_b7bvDgxC2MdsPN2ZEs6BRz--V8cT7cEw/viewform?usp=sf_link*

## સ્નાતકોના સેવાક્ષેત્રો :

- ► શિક્ષણ : પ્રાથમિકશાળા, માધ્યમિક શાળા, કોલેજો, બી.આર.એસ., પીટીસી, બી.એડમાં શિક્ષક, પ્રાધ્યાપક અને આચાર્ય.
- ► કૃષિ, પશુપાલન, ડેરી, બાગાયત, આનુસંગિક ક્ષેત્રો.
- ► છાત્રાલયો, ગૃહપતિ - છાત્રાલય વ્યવસ્થાપકો.
- ► સરકારી કચેરી – બોર્ડ - નિગમોમાં વિવિધ હોદ્દા ઉપર.
- ► વિસ્તરણ અધિકારી ખેતી, કૃષિ/બાગાયત મદદનીશ, ગ્રામસેવક, તલાટી, પોસ્ટ, વન વિભાગ, પોલીસ – CRPF, જિલ્લા વિસ્તરણ અધિકારી, સમાજ કલ્યાણ અધિકારી,
- ► વિવિધ ક્ષેત્રે  કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ, કંપનીઓમાં.
- ► રાષ્ટ્રીયકૃત – સહકારી - ખાનગી બેન્કોમાં, ગૃહ ફાઇનાન્સ.
- ► પોતાની સ્વતંત્ર સંસ્થાઓ દ્વારા ગ્રામ વિકાસના કામો.
- ► જિલ્લા સહકારી ડેરીઓમાં સુપરવાઇઝર, કેન્દ્ર ઇન્ચાર્જ.
- ► પોતાનો સ્વતંત્ર વ્યવસાય (કૃષિ - ડેરી ફાર્મ - સજીવ ખેતી)
- ► નર્સરી ઉછેર, ખેતી ઉત્પાદન નિકાસ, કોન્ટ્રાક્ટ ફાર્મિંગ, પ્રાકૃતિક ખેતી, ખેતી ઉત્પાદન મૂલ્ય વર્ધન.
- ► આરોગ્યક્ષેત્રની સરકારી - બિનસરકારી સંસ્થાઓ – સેવાઓ.
- ► ગ્રામ વિદ્યાપીઠોમાં સ્ટોકમેન તથા શ્રમસંયોજક
- ► સ્નાતક કક્ષા બાદ અપાતી તમામ સ્પર્ધાત્મક પરીક્ષા (ગૌણસેવા/ પંચાયત/ GPSC/UPSC વગેરે)

# ગ્રામસેવા મહાવિદ્યાલય

**ગ્રામભારતી અમરાપુર**

**તા.માણસા, વાયા-ઉનાવા, જિ.ગાંધીનગર**

## સંસ્થા માહિતીપત્ર

### ● પ્રાથમિક માહિતી :

► **સંચાલન : ગ્રામભારતી અમરાપુર ટ્રસ્ટ**

નોંધણી નંબર જુનો : એફ/૧૧/એમ.એચ.એસ. : ૮-૮-૧૯૫૮

નવો : એફ.૧૨૩૭/ગાંધીનગર, તા.૧૫-૯-૨૦૦૫

► **બી.આર.એસ.- અભ્યાસક્રમ માન્યતાનો ઠરાવ :** ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક : ગઉશ/૧૧૮૫/૩૪૨૦૯/૯૫   તા.૨૯/૧૧/૧૯૮૫

► ***મહાવિદ્યાલય પ્રારંભ*** : તા.૧૪/0૧/૧૯૮૬

► **સંલગ્ન યુનિવર્સિટી :**

હેમચંદ્રાચાર્ય ઉ.ગુજરાત યુનિવર્સિટી પાટણ : ૧૯૯૭ થી ૨૦૧૬.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ : જૂન - ૨૦૧૬ થી

**યુનિવર્સિટી કોડ** : ૬૭૪ **કોલેજ કોડ** : ૨

| | | |
|---|---|---|
| સંચાલક | : | ડૉ. રઘુવીરભાઈ ચૌધરી |
| નિયામક | : | શ્રી અમૃતભાઈ પટેલ |
| આચાર્ય | : | શ્રી હર્ષદભાઈ પટેલ |
| કાર્યાલય સંપર્ક | : | મો. ૯૩૧૩૫૩૩૨૭૬ |
| ઈમેલ | : | Brsgrambharti76@gmail.com |
| વેબસાઈટ | : | www.grambharati.org |
| યુ.જી.સી.નેક મુંલ્યાંકન ગ્રેડ | : | B. CGPA : 1.67  Dt.4-9-2010 |

**● અભ્યાસક્રમ માહિતી :**

**► અભ્યાસક્રમ / પદવીનું નામ :** ગ્રામ વિદ્યા વિશારદ (રૂરલ ફાર્મ મેનેજમેન્ટ)

**► અભ્યાસક્રમ સમયગાળો :** ત્રણ વર્ષ (છ સેમેસ્ટર) બી.આર.એસ. સ્નાતક,
ચાર વર્ષ (આઠ સેમેસ્ટર) બી.આર.એસ. ઓનર્સ.

**● અભ્યાસક્રમના વિષયો :**

**► મુખ્ય વિષય :** ક્ષેત્ર વિદ્યા, પશુપાલન અને ડેરી વિજ્ઞાન, ગ્રામ વિસ્તરણ.

**► અન્ય વિષયો** : ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ગાંધીવિચાર, ગાંધીજી જીવનદર્શન, ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ, ગ્રામ અર્થશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર-સફાઈ વિજ્ઞાન, સામાજિક વિસ્તરણ શિક્ષણ, જગતના ધર્મો-રાજનીતિ શાસ્ત્ર, સહકા,ર જમીન વિજ્ઞાન, જમીન વ્યવસ્થા, બાગાયત, પાક ઉત્પાદન, પશુપાલન, ખેતી સંશોધન-આંકડાશાસ્ત્ર, કૃષિ રસાયણ, કૃષિ ઇજનેરી, પાક સરક્ષણ, પાક સંવર્ધન, ક્ષેત્રવ્યવસ્થા, પર્યાવરણ, કોમ્પ્યુટર, નામુ, ભગવદગીતા, સજીવ ખેતી, સંસ્થાનું વ્યવસ્થાપન, કૃષિ લક્ષી કાયદાઓ, ગ્રામ વિકાસ, ટકાઉ ખેતી, આઈ.ક્યુ.એસ વગેરે...

**► સહ અભ્યાસ પ્રવૃત્તિઓ :** કાર્યાનુભવ(કેન્દ્ર નિવાસ- શિક્ષણ નિવાસ), પ્રયોગ, પ્રત્યક્ષકાર્ય-પ્રદર્શન-નિદર્શન, શૈક્ષણિક પ્રવાસ, મુલાકાતો, NSS પ્રવૃત્તિઓ, રાષ્ટ્રભાષા હિન્દી-ગાંધી વિચાર-પર્યાવરણ-સામાન્ય જ્ઞાન વગેરેની જાહેર પરીક્ષાઓ, વિવિધ પ્રકારની શિબિર-સંમેલનો, તાલીમ કાર્યક્રમ, ઉત્સવ-તહેવારો-પર્વો-મહાપુરુષોના જન્મદિન-પુણ્યતિથિ ઉજવણી, દૈનિક વિદ્યાર્થી સંમેલન (વક્તવ્ય, ચર્ચાસભા, સમૂહ ગીતો, કાર્યકર વક્તવ્ય, ક્વીઝ, સરકારશ્રીના કાર્યક્રમો, વિદ્યાર્થી વ્યક્તિત્વ વિકાસની પ્રવૃત્તિ).

**► વિશેષ કાર્યક્રમ :** ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન, વિદ્યાર્થી વાલી સંમેલન, બેવડા શ્રમ ઉપાર્જન યોજના.

**► અનિવાર્ય બાબતો :** ફરજિયાત છાત્રાલય સમૂહજીવન, વર્ષ દરમિયાન ફરજિયાત **૨૫૦** કલાક શ્રમકાર્ય, ખાદી ગ્રામ ઉદ્યોગ માન્ય સુતરાવ ખાદીનો નિયત કરેલ ગણવેશ, પ્રવાસ, શિબિર/

**● પરીક્ષા અને મૂલ્યાંકન :** દરેક સત્રના અંતે તમામ વિષયોની યુનિવર્સિટી દ્વારા ૫૦% ગુણભારની સત્રાંત પરીક્ષા દરેક વિષયનું સંસ્થા દ્વારા ૫૦% ગુણભારનું આંતરિક મૂલ્યાંકન વિદ્યાર્થીઓએ દરેક વિષયના આંતરિક અને સત્રાંત મૂલ્યાંકનમાં ૩૬% ગુણભારથી ઉતરીને થવાનું અનિવાર્ય.

**● પ્રમાણપત્ર /પદવી :** નવી શિક્ષણ નીતિ 2020 મુજબ

૧) બે સેમેસ્ટર પૂર્ણ કરનાર વિદ્યાર્થીને યુ.જી. સર્ટિફિકેટ

૨) ચાર સેમેસ્ટર પૂર્ણ કરનાર વિદ્યાર્થીને ડિપ્લોમા,

3) છ બે સેમેસ્ટર પૂર્ણ કરનાર વિદ્યાર્થીને ગુજ. યુનિ. દ્વારા બી.આર.એસ. પદવી,

૪) આઠ સેમેસ્ટર પૂર્ણ કરનાર વિદ્યાર્થીને બી.આર.એસ.(ઓનર્સ) પદવી.

**● આગળ અભ્યાસ ના ક્ષેત્રો :** MRS, MSW, MLW, MHRM, LLB, MA(ગાંધી વિચાર), MBA (બીઝનેશ/ રૂરલ મેનેજમેન્ટ) જર્નાલિઝમ, લાઈબ્રેરીયન સાયન્સ, B.ED,વગેરે

**● આર્થિક પાસુ :** વર્ષ દરમ્યાન સરકારમાં તથા યુનિવર્સિટીમાં ભરવાની લવાજમની રકમ, અન્ય પરચુરણ ખર્ચ તથા ભોજન-લવાજમ મળી કુલ અંદાજિત વાર્ષિક ખર્ચ રૂપિયા ૨૨૦૦૦/- જે વર્ષના પ્રથમ અને બીજા સત્રના આરંભે બે હપ્તામાં ભરવી જરૂરી.

**● શિષ્યવૃતિ :** ST, SC, OBC/SEBC, વિદ્યાર્થીઓને સરકારના ધારાધોરણો પ્રમાણે શિષ્યવૃતિ અને ફૂડબીલ સહાય મળવાપાત્ર.

આર્થિક જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ રજાના દિવસે સંસ્થા-વિભાગોમાં શ્રમકાર્ય કરીને બેવડું ઉપાર્જન મેળવી શકે તેવી યોજના અમલમાં.

**● પ્રવેશ પદ્ધતિ :** બોર્ડની ધો-૧૨ની પરીક્ષાના પરિણામ બાદ સાત દિવસમાં સંસ્થા/ યુનિવર્સિટી દ્વારા પ્રવેશ અંગેની જાહેરાત, ધો-૧૨ માં મેળવેલ ગુણના મેરીટના આધારે ૬૦+૬ વિદ્યાર્થીઓને પ્રવેશ. અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ, અને આર્થિક પછાત વર્ગ ઉમેદવારો માટે સરકારના ધારાધોરણો પ્રમાણે અનામત બેઠકો.

**● કેમ્પસ ઇન્ટરવ્યૂ :** દર વર્ષે યુનિવર્સિટીના પરિણામ પહેલા વિવિધ સંસ્થાઓ, કંપનીઓ, કૃષિ-ડેરી ફાર્મ વગેરેમાં સ્નાતક ભરતી માટેના કેમ્પસ ઇન્ટરવ્યૂ આયોજન,.